## તા. ૨૬/૦૮/૨૦૧૨ (રવિવાર)ના રોજ ટીમ્બર ભવન ખાતે મળેલ કંડલા ટીમ્બર એસોસીએશનની ૨૫મી વાર્ષિક સામાન્ય સભાની મીનીટસ

મીટીંગની શરૂઆત બપોરના ૧-૩૦ વાગ્યે થયેલ હતી, કારણ કે સભ્યોના એક સમુહ એ આગ્રહ કરતાં ચૂંટણીનો સમય વધારીને સવારના ૮ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો હતો. બધા મળીને કુલ્લે ૩૦૯ સભ્યોએ મીટીંગમાં હાજરી આપી હતી.

શ્રી એસ.એન.દુબે એ જણાવ્યું હતું કે, તેઓ સભ્યોની વિશાળ સંખ્યાને આ મીટીંગ ભાગ લેતી જોઈ હર્ષની લાગણી અનુભવે છે અને આવો ટ્રેન્ડ આવનારી મીટીંગોમાં પણ જળવાઈ રહેવો જોઈએ. ત્યારબાદ તેમણે એસોસીએશના પદાધિકારીઓને ડાયસ પર તેઓના સ્થાને બેસવા વિનંતી કરી હતી તેમજ શ્રી એચ.બી. યાદવને પ્રાર્થના કરાવવા તેમજ મીટીંગની કાર્યવાહીનું સંચાલન કરવા જણાવ્યું હતું.

આમ, શ્રી એચ.બી. યાદવ દ્વારા પ્રાર્થના કરવામાં આવેલ હતી. તેમણે પણ મીટીંગમાં વિશાળ સંખ્યામાં સભ્યોની ઉપસ્થિતિ બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

ત્યારબાદ માનદ્‌મંત્રી શ્રી શીવકુમાર મિત્તલની અનુપસ્થિતિમાં સહમંત્રી શ્રી એસ.એન.દુબેને ગત વાર્ષિક સામાન્ય સભાની મીનીટસનું વાંચન કરવા વિનંતી કરવામાં આવી હતી. તેઓ મીનીટસનું ગુજરાતીમાં વાંચન કરી રહ્યા હોવાથી કેટલાક સભ્યોએ મીનીટસના તત્વોને હિન્દીમાં પણ સમજાવવાં વિનંતી કરેલ હતી. તેમણે આ બાબતનો સ્વીકાર કર્યો હતો અને હિન્દીમાં જરૂરી ભાષાંતર કરવામાં આવ્યું હતું. મીનીટસના વાંચન બાદ તેમણે સભ્યોને મીનીટસનો સ્વીકાર કરવો કે કેમ તે જણાવવા વિનતી કરી હતી. મીનીટસના વાંચના બાદ તરત જ શ્રી એસ.એન. દુબે એ એસોસીએશન દ્વારા ગત વર્ષમાં કરવામાં આવેલ મહત્વની કામગીરીના અહેવાલનું સભ્યોની જાણ માટે વાંચન કરેલ હતું.

ત્યારબાદ માનદ ખજાનચી શ્રી શ્રીચંદ ગંગવાલને વર્ષ ૨૦૧૧-૧૨ ના સમયગાળાના હિસાબોની વિગતો આપવા વિનંતી કરવામાં આવી હતી. તેમણે સભ્યોનું સ્વાગત કરી મીટીંગમાં હાજરી આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો, અને જણાવ્યું હતું કે તેઓ સભ્યોની જાણ માટે ઓડીટ રીપોર્ટના મહત્વના મુદ્દાઓનું વાંચન કરશે અને જો કોઈ સભ્યને ઓડીટ રીપોર્ટ બાબતે વિસ્તૃત માહિતી જોઈતી હોય તેમણે તે માટે એસોસીએશનની ઓફીસનો સંપર્ક કરવો. શ્રી બ્રિજેશ મિશ્રા એ જણાવ્યું હતું કે, સભ્યોને ઓડીટ રીપોર્ટની નકલો આપવી જોઈએ. શ્રી રઘુવીર ગુપ્તા એ ખર્ચની વિગતોનું વાંચન કરવા વિનંતી કરી હતી. જેથી શ્રી ગંગવાલ એ રીપોર્ટમાં દર્શાવેલ કેટલાક મુખ્ય ખર્ચની વિગતોનું સભ્યોની જાણ માટે વાંચન કરેલ હતું.

ત્યારબાદ શ્રી એચ.બી. યાદવ એ જણાવ્યું હતું કે, આપણા એસોસીએશનના પૂર્વ પ્રમુખ તેમજ સપ્લાયર શ્રી મુકેશ ગુપ્તા, તથા કંડલા પોર્ટના સ્ટેવીડોર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી યોગેશ મહેતા આપણા એસોસીએશનના સભ્યોની જાણકારી માટે કેટલીક માહિતી આપવા ઈચ્છે છે.

પાના નં.૨..

શ્રી મુકેશ ગુપ્તાએ મીટીંગમાં હાજર ઓફીસ પદાધીકારીઓ તથા સભ્યોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, લાકડા વેપારમાં હાલે ચાલી રહેલ બીઝનેશ ટ્રેન્ડથી તેઓ ખુશ નથી તેમજ તેની ઉપર કાંઈપણ પ્રકાશ પાડવામાં આવતો નથી. આ સંદર્ભે તેમણે કેટલાક વિચારો વિસ્તારપૂર્વક વ્યકત કર્યા હતા અને અંતમાં સભ્યોને જણાવ્યું હતું કે, વેપારમાં સુધારો લાવવા સહકાર અને મિત્રતા આજના સમયથી જરૂરત છે. તેમણે અંતમાં દુઃખ વ્યકત કરતા જણાવ્યું હતું કે, આપણા એસોસીએશનના કેટલાક વરિષ્ઠ સભ્યોને સભ્યપદની રૂા.૨૦૦/- ની ફી ન ચૂકવવા બદલ ચૂંટણીમાં ભાગ લેવા અને મત આપવા અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે, અલબત્ત તેઓ એસોસીએશનને ટી.પી. ચાર્જીસ વગેરે પ્રકારે ખુબ જ રકમ ચૂકવે છે.

શ્રી યોગેશ ગુપ્તા એ સભ્યોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, તેઓ શ્રી મુકેશ ગુપ્તા દ્વારા વ્યકત કરવામાં આવેલ લાગણીઓ અને સૂચનો સાથે સહમત છે. તેમણે સભ્યોને સામાન્ય જાણ માટે જણાવ્યું હતું કે, તેમને માહિતી છે તે મુજબ કંડલા પોર્ટ ટ્રસ્ટ વધુ ૪ બર્થ એટલે કે બર્થ નં. ૧૩ થી ૧૬ નું બાંધકામ કરી રહ્યું છે અને તેના હાયર ચાર્જીસ ટેમ્પ (ટેરીફ ઓથોરીટી ઓફ મેજર પોર્ટ) દ્વારા નકકી થઈ રહ્યા છે. આ નવી બર્થો ચાલુ થયા બાદ બર્થ હાયર ચાર્જીસમાં વધારો થવાની શકયતા છે, જેના કારણે ટ્રેડને તકલીફોનો સામનો કરવો પડશે. અલબત્ત શીપીંગ ઉદ્યોગ અને અન્ય પોર્ટ વપરાશકારો આ બાબતે ઉગ્ર વિરોધમાં હશે જ.

શ્રી અશોક અગ્રવાલ એ સભ્યોને જણાવ્યું હતું કે, તેઓ બે ગ્રુપો વચ્ચે સમાધાન માટે ખુબ જ પ્રયત્નો કરી રહ્યા હતા, પરંતુ તેઓ આ કાર્યમાં સફળ થઈ શકયા ન હતા, જેના કારણે ચૂંટણી અનિવાર્ય બની ગઈ હતી. તેમણે આ બાબતે નાખુશી વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે કંડલા ટીમ્બર એસોસીએશન પછીનું બીજું મોટામાં મોટું એસોસીએશન દિલ્હી ટીમ્બર એસોસીએશન છે. જેથી સારા વાતાવરણ માટે આ બંને ટીમ્બર એસોસીએશનની એક કમીટી હોવી જઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સભ્યપદની રૂા.૨૦૦/- ની ફી ન ચૂકવી હોવાને કારણે મે. સીતારામ એન્ડ કંપની તથા મે. એ.એસ.વુડ ઈમ્પેક્ષ પ્રા.લી. ના ડાયરેકટરોને મતદાન માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા, જો કે તે કંપનીઓ કંડલા ટીમ્બર એસોસીએશનને લાખો રૂપિયા ચૂકવે છે. આ સારી સ્થિતિ નથી.

પ્રમુખ શ્રી નવનીત આર. ગજ્જરે સભ્યો દ્વારા વિશાળ સંખ્યામાં મીટીંગમાં હાજરી આપવા બદલ ખુશી વ્યકત કરી હતી અને આવો પ્રવાહ ભવિષ્યમાં પણ જળવાઈ રહેશે તેવી આશા વ્યકત કરી હતી. તેમણે સભ્યોની જાણ માટે અલગ અલગ મુદ્દાઓ ઉપર વિગતવાર માહિતી આપેલ હતી પરંતુ સ્પેશ્યલ એડીશ્નલ ડયુટીના રીફંડ અંગેના પ્રશ્નનો કસ્ટમ વિભાગ સાથે ઉકેલ બાબતે તેમણે અસમર્થતા વ્યકત કરેલ હતી. આ સંદર્ભમાં તેમણે વધમાં જણાવ્યું હતું કે, ચેન્નઈ, ટયુટીકોરીન અને મુંબઈથી કસ્ટમ વિભાગને સંતોષ થાય તેવી તમામ માહિતીઓ મેળવી સોંપવામાં આવી હતી અને અનેક વખત મીટીંગ યોજાઈ હોવા છતાં તેમણે આપણા યોગ્યતા ધરાવતા સભ્યોને એસ.એ.ડી.નું રીફંડ કરેલ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સેન્ટ્રલ એમ્પાવર્ડ કમીટી તરફથી નવા સો મીલ લાયસન્સો ઈસ્યુ કરવા મંજુરી આપવામાં આવેલ છે પરંતુ મંજુરી મળ્યા મુજબ ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવતી નથી.

શ્રી એસ.એન. દુબે એ જણાવ્યું હતું કે, આપણા એસોસીએશનની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતા હોઈ નવી ચૂંટાયેલ સમિતિ સીલ્વર જયુબીલીની ઉજવણી કરવા બાબતે વિચાર કરે. શ્રી એચ.બી. યાદવ એ સભ્યોને જણાવ્યું હતું કે, સભ્યો માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ છે અને મત ગણતરી ચાલુ હોવાથી ચૂંટણીનું પરિણામ ભોજન બાદ જાહેર કરવામાં આવશે.

બપોર બાદ અંદાજે ૪-૦૦ વાગ્યે પ્રિસાઈડીંગ-કમ-રીટર્નીંગ ઓફીસર દ્વારા સભ્યોની જાણ માટે ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

......